# મે.એડી.જયુડિ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, બોડેલી.

**ફોજદારી કેસ નંબર.૧૩૪/૨૦૨૫**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:– વિપુલભાઈ અનસીંગભાઈ રાઠવા**

**–:: ચુ કા દો ::–**

(૧) સદર કામનુ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઇ વંચાણે લીધુ. હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ **ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૮૫** મુજબ હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદી ધ્વારા ધોરણસરની ફરીયાદ દાખલ કરેલ અને ત્યારબાદ આરોપી સામે પુરતો પુરાવો જણાતાં આરોપી સામે હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડ્યા અંગેની ખાત્રી કરેલ છે. આરોપી સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાજર થયેલ છે.

(૨) ઉપરોક્ત ગુના અંગે આરોપીએ તેનો ગુનો કબુલ કરી ગુના અંગે લેખિત કબુલાત પુરસીસ આપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે તેથી ભવિષ્યમાં આવો ગુનો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોઇ તે નોંધી, પરંતુ આરોપીની કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેથી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાત્રી કરેલ છે.

(૪) વધુમાં સદર હું કેસને ધ્યાને લઇએ તો સદર હું કેસ **ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૮૫** મુજબ હેઠળનો ગુનો બને છે. તેમજ આરોપી કોઇ ગુનાહીત ભુતકાળ ધરાવતા નથી. અને તેઓનો પ્રથમ ગુનો હોઇ આરોપી જ્યારે સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર તમામ હકીકતો તથા પરિસ્થિતીઓને ધ્યાને લઇએ અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ.**નો ચુકાદો ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં, પણ ઓછી સજા કરી શકાય તેમ જણાતું હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨** અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–**૬૬(૧)(બી)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા** તથા **એમ.વી.એક્ટની કલમ–૧૮૫** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) આમ કુલ રૂા.૬૦૦/–(અંકે રૂપિયા છસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન–૦૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા ૧૧મી માહે જુલાઈ સને: ૨૦૨૬ ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા.૧૧/૦૭/૨૦૨૬**

**સ્થળ: બોડેલી**

**( યુ.ડી.જાંબુ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**બોડેલી**
**કોડ નં.જીજે ૦૧૪૬૩**